સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 47**

(14/11/21 to 20/11/21)

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)



The King of the King
# કાયદો

LATEST EDITION

બંધારણ, IPC, CRPC, EVIDENCE

- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE



www.iceonline.in

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**14 NOV-2021**


- દિવસ મહિમા : 14 નવેમ્બર, બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)........ 02
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો........ 02
- ગિરનારની લીલી પરિક્રમા........ 03
- વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ........ 04
- થેમ્સ નદી (Thames River)........ 04
- QUESTION ANSWERS ........ 05


**15 NOV-2021**


- IPLમાં બે નવી ટીમનો સમાવેશ : અમદાવાદ અને લખનૌ........ 07
- 'કેસર-એ-હિંદ' ને અરૂણાચલના રાજ્ય પતંગિયા તરીકે મંજૂરી આપવામાં આવી........ 09
- નોરોવાયરસ (Norovirus)........ 09
- CBI અને EDના ડિરેક્ટરના કાર્યકાળમાં વધારો........ 10
- QUESTION ANSWERS ........ 13


**16 NOV-2021**


- દિવસ મહિમા : 16 નવેમ્બર, રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ, ઓડિટ દિવસ........ 14
- કરતારપુર કોરિડોરનું પુનઃ સંચાલન........ 14
- SITMEX- 2021........ 16
- QUESTION ANSWERS ........ 17


**17 NOV-2021**


- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પૂર્વાંચલ એક્સપ્રેસ વે'નું ઉદ્ઘાટન કર્યુ........ 18
- પોચમપલ્લીને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર મળ્યો........ 19
- QUESTION ANSWERS ........ 20


**18 NOV-2021**


- ICC T-20 વર્લ્ડ કપ 2021માં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન........ 21
- ICC મેન્સ ક્રિકેટ કમિટીના અધ્યક્ષ તરીકે શ્રી સૌરવ ગાંગુલીની નિમણૂક........ 23
- ભારતના પ્રસિધ્ધ ઈતિહાસકાર શ્રી બાબાસહેબ પુરંદરેનું નિધન........ 23
- લાંચનું જોખમ મેટ્રિક્સ, 2021........ 24
- QUESTION ANSWERS ........ 25


**19 NOV-2021**


- દિવસ મહિમા : 19 નવેમ્બર, શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન, વિશ્વ શૌચાલય દિવસ, International Men's Day........ 26
- ભારત વર્ષ 2021માં સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશ........ 28
- QUESTION ANSWERS ........ 29


**20 NOV-2021**


- દિવસ મહિમા : 20 નવેમ્બર, વિશ્વ બાળ દિવસ અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ'........ 30
- સિડની સંવાદ (Sydney Dialogue)........ 30
- શ્રી અબ્રાહમ બેન્જામિન ડી વિલિયર્સ........ 31
- QUESTION ANSWERS ........ 32

ONE LINER ........ 33

QUESTION OF THIS WEEK ........ 38


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 14 નવેમ્બર, (1) બાલ દિન (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન)
## (2) વિશ્વ ડાયાબિટીસ દિન (વિશ્વ મધુપ્રમેહ દિવસ)

### વિશ્વ ડાયાબિટીસ દિન

સમગ્ર વિશ્વમાં ડાયાબિટીસ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 14 નવેમ્બરના રોજ 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.
- ડાયાબિટીસની સારવાર માટે ઉપયોગી ઈન્સ્યુલીનની શોધ કરનાર સર ફ્રેડ્રીક બેન્ટિંગનો જન્મદિન 14 નવેમ્બર 'વિશ્વ ડાયાબિટીસ દિવસ' તરીકે ઉજવાય છે.
- સર ફ્રેડ્રીક બેન્ટિંગે ચાર્લ્સ બેસ્ટ સાથે મળીને વર્ષ 1922માં ઈન્સ્યુલીનની શોધ કરી હતી.
- વર્ષ 2022-23ની વિશ્વ ડાયાબિટીસ દિવસની થીમ 'Access to diabetes Care' છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો

તાજેતરમાં 12-13 નવેમ્બર, 2021ના રોજ ગુજરાતમાં મહેસાણા જિલ્લાના વડનગર ખાતે 'તાના–રીરી મહોત્સવ 2021'નું આયોજન થયું હતું.

- જેનો 12 નવેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો.
- તાના–રીરી મહોત્સવના શુભારંભ કાર્યક્રમમાં પ્રથમ દિવસે સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ અને સુશ્રી ડો. વિરાજ અમર ભટ્ટ દ્વારા ગાયન અને ડો. શ્રી એલ. સુબ્રમણ્યમ દ્વારા વાયોલીન વાદનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.
- 120 ભૂંગળ વાદકોએ 5 મિનિટ સમુહગાન ગાઈ વર્લ્ડ રેકોર્ડ રચ્યો હતો. અને તેમને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

### તાના-રીરી એવોર્ડ

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ 2021નો તાના–રીરી એવોર્ડ સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ (મુંબઈ) અને સુશ્રી ડો. વિરાજ અમર ભટ્ટ (અમદાવાદ)ને એનાયત કર્યો હતો.

- આ અંતર્ગત રૂ. 2.5 લાખ અને તામ્રપત્ર તથા શાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તાના-રીરી મહોત્સવ

ગુજરાતમાં વડનગર ખાતે દર વર્ષે કારતક સુદ-9 અને કારતક સુદ-10ના રોજ બે દિવસ માટે આ મહોત્સવ ઉજવાય છે.

- આ સંગીત મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાવૃંદો અને પ્રસિદ્ધ કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરે છે.
- ગુજરાતના આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાના દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના–રીરીની યાદમાં વર્ષ 2003થી આ મહોત્સવ યોજાય છે.
- બાદશાહ અકબરના નવ રત્નો પૈકી એક સંગીત સમ્રાટ તાનસેનને દિપક રાગ ગાવાથી ઉપડેલી દાહને વડનગરના શર્મિષ્ઠા તળાવ કાંઠે આ સંગીત બેલડી તાના–રીરીએ જ મલ્હાર રાગ ગાઈને ઠારી હતી એવું કહેવાય છે.
- બૌદ્ધ વિરાસતના અવશેષો સાચવીને બેઠેલું વડનગર સંગીત, કલા, ગાયન, વાદન અને નૃત્યકલાના પ્રચાર–પ્રસાર માટે સુવિખ્યાત છે.

## ગિરનારની લીલી પરિક્રમા



ગુજરાતમાં ગરવા ગિરનારની પરિક્રમા 'લીલી પરિક્રમા' તરીકે ઓળખાય છે.

- હિંદુ કેલેન્ડર પ્રમાણે પ્રતિ વર્ષ કારતક સુદ અગિયારસની મધ્યરાત્રીએ આ પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ થાય છે.

### ગિરનારની લીલી પરિક્રમાની વિશેષતાઓ

દર વર્ષે કારતક સુદ અગિયારસથી કારતકી પૂનમ સુધી આ પરિક્રમા યોજાય છે.

- ગિરનારની પરિક્રમાથી ગરવા ગિરનારમાં વસતા 33 કરોડ દેવતાઓના તપનું પુણ્ય મળે છે એવી લોકવાયકા છે.
- આ પરિક્રમા લગભગ 36 કિલોમીટર લાંબી છે.
- આ પરિક્રમાનો પ્રારંભ જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલ દૂધેશ્વર મહાદેવના મંદિરથી થાય છે.
- આ પરિક્રમા પૂર્ણ કર્યા બાદ ભાવિકો દામોદર કુંડમાં સ્નાન કરે છે. એવું કહેવાય છે કે જ્યાં સુધી દામોદર કુંડમાં સ્નાન ન કરે ત્યાં સુધી લીલી પરિક્રમા અધૂરી ગણાય છે.
- આ પરિક્રમાના મુખ્ય પડાવોમાં ઝીણાબાવાની મઢી, માળવેલા અને બોરદેવી મંદિરનો સમાવેશ થાય છે.
- લીલી પરિક્રમાના રૂટ પર ત્રણ ઘોડીઓ (એટલે કે પર્વતોની વચ્ચે પસાર થઈ રહેલી બળદના ખૂંધ જેવી રચના. જેમાં પહેલાં ચઢાણ ચઢવાનું અને પછી એ ચઢાણ ઉતરવાનું હોય છે.) આવે છે :

  (1) ઈંટવા ઘોડી, (2) માળવેલા ઘોડી અને (3) નાળ–પાણીની ઘોડી
- જેમાં નાળ–પાણીની ઘોડી સૌથી આકરી અને ઘણી ઊંચાઈએ આવેલ છે. તેમજ તેનું ચઢાણ એકદમ સીધું છે.
- આ ઘોડી માળવેલા તથા બોરદેવી મંદિરની વચ્ચે સ્થિત છે.

## વિશ્વ વિખ્યાત 'પુષ્કરના મેળા'નો રાજસ્થાનમાં પ્રારંભ

ભારતમાં રાજસ્થાનના અજમેર જિલ્લાના પુષ્કર ખાતે દર વર્ષે કારતક મહિનામાં મેળો ભરાય છે.

- આ મેળો કારતક મહિનામાં પૂનમના કેટલાક દિવસો અગાઉ શરૂ થાય છે અને કાર્તિકી પૂનમના રોજ પૂરો થાય છે.
- ભારતમાં પુષ્કરનો મેળો રાજસ્થાનના ભાતીગળ મેળા તરીકે ઓળખાય છે.
- આ મેળો 'પુષ્કરનો મેળો', 'પુષ્કરનો ઊંટનો મેળો' અથવા તો 'કારતક મેળા' તરીકે પણ ઓળખાય છે.
- ખાસ કરીને ઊંટ ઉપરાંત ઘોડા, બળદ તથા અન્ય પશુઓના ખરીદ–વેચાણ તથા પ્રદર્શન માટે આ મેળો ખૂબ જ પ્રસિદ્ધ છે.
- પુષ્કર તીર્થધામમાં બ્રહ્માજીનું મંદિર આવેલ છે તેમજ અહીં પુષ્કર સરોવર આવેલ છે. જેની ગણતરી ભારતના પવિત્ર સરોવરમાં થાય છે.

## થેમ્સ નદી (Thames River)

તાજેતરના એક સર્વે મુજબ લંડનની પ્રખ્યાત નદી 'થેમ્સ'માં દરિયાઈ ઘોડા, ઈલ, સીલ અને શાર્કની હાજરી જોવા મળી છે.

- આ સર્વે આ નદીના વધુ સારા સ્વાસ્થ્યને દર્શાવે છે.
- નોંધનીય છે કે વર્ષ 1975માં આ નદીને 'જૈવિક રીતે મૃત' જાહેર કરવામાં આવી હતી.
- ઝૂઓલોજિકલ સોસાયટી ઓફ લંડન (ZSL) દ્વારા આ સર્વે કરવામાં આવ્યો હતો.
- સર્વેક્ષણમાં જાણવા મળ્યુ છે કે આ 346 કિમી લાંબી નદીમાં ત્રણ પ્રકારની શાર્ક છે : સ્ટારી સ્મૂથ હાઉંડ, ટોપે અને સ્પરડોગ
- આ ઉપરાંત તેમાં માછલીઓ અને વન્યજીવોની 115 પ્રજાતિઓ જોવા મળી હતી.

### થેમ્સ નદી

થેમ્સ નદી ઈંગ્લેન્ડની સૌથી બીજી લાંબી નદી છે, જે લંડન સહિત દક્ષિણ ઈંગ્લેન્ડમાંથી વહે છે.

- થેમ્સ નદીને 'ઈસિસ' નદી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- લંડન શહેર થેમ્સ નદીના કિનારે વસેલું છે.
- થેમ્સ નદી તેની આસપાસ રહેતા સમુદાયો માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને પીવાનું પાણી અને ખોરાક પણ પૂરો પાડે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. ભારતમાં 'બાલ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 'બાલ દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી એ.પી. જે. અબ્દુલ કલામ

(C) શ્રી રવીન્દ્રનાથ ટાગોર (D) ડો. રાધાકૃષ્ણન **(A)**

3. 'વિશ્વ ડાયાબિટીસ દિન' અથવા તો 'વિશ્વ મધુપ્રમેહ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12નવેમ્બર (B) 13 નવેમ્બર (C) 14 નવેમ્બર (D) 15 નવેમ્બર **(C)**

4. વર્ષ 2021ની 'વિશ્વ ડાયાબિટીસ દિવસ'ની થીમ શું છે ?

(A) Covid-19 and Diabetes (B) The Doctor and Diabetes

(C) Access to diabetes care (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડનગર ખાતે તાના–રીરી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. સામાન્ય રીતે આ તાના–રીરી મહોત્સવ કયા દિવસે યોજાય છે ?

(A) 7-8 નવેમ્બર (B) 8-9 નવેમ્બર (C) કારતક સુદ 8-9 (D) કારતક સુદ 9-10 **(D)**

6. તાના–રીરી મહોત્સવ, 2021માં કેટલા ભૂંગળ વાદકોએ 5 મિનિટ સમૂહ ગાન ગાઈ વર્લ્ડ રેકોર્ડ રચ્યો હતો ?

(A) 150 (B) 120 (C) 98 (D) 75 **(B)**

7. વર્ષ 2021નો તાના–રીરી એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) સુશ્રી કવિતા કૃષ્ણમૂર્તિ (B) સુશ્રી ડો. વિરાજ અમર ભટ્ટ

(C) (A) અને (B) બંનેને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

8. ગુજરાતમાં ગિરનારની પરિક્રમા કયા નામે ઓળખાય છે ?

(A) ગરવી પરિક્રમા (B) દત્ત પરિક્રમા (C) લીલી પરિક્રમા (D) વન્ય પરિક્રમા **(C)**

9. ગુજરાતમાં ગિરનારની લીલી પરિક્રમાનો વિધિવત્ પ્રારંભ ક્યારથી થાય છે ?

(A) કારતક સુદ પાચમ (B) કારતક સુદ સાતમ

(C) કારતક સુદ અગિયારસ (D) કારતક સુદ પૂનમ **(C)**

10. ગિરનારની લીલી પરિક્રમાની લંબાઈ અંદાજિત કેટલા કિલોમીટર છે ?

(A) 26 (B) 36 (C) 46 (D) 48 **(B)**

11. પ્રસિદ્ધ પુષ્કરનો મેળો કયા રાજ્યમાં ભરાય છે ?

(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા **(A)**

12. ઊંટની લેવડ–દેવડ માટે પ્રસિદ્ધ પુષ્કરનો મેળો દર વર્ષે કયા મહિનામાં ભરાય છે ?

(A) અષાઢ (B) શ્રાવણ (C) આસો (D) કારતક **(D)**

13. તાજેતરમાં થેમ્સ (Thames) નદીમાં દરિયાઈ ઘોડા, ઈલ, સીલ અને શાર્કની હાજરી જોવા મળી હતી. આ નદી કયા દેશમાં સ્થિત છે ?

(A) ઈંગ્લેન્ડ (B) રશિયા (C) ફ્રાન્સ (D) અમેરિકા **(A)**

14. લંડન શહેર કઈ નદીના કિનારે વસેલું છે ?

(A) થેમ્સ (B) ડેન્યુબ (C) ટંગસ (D) એબ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## IPLમાં બે નવી ટીમનો સમાવેશ : અમદાવાદ અને લખનૌ

IPLમાં આવતા વર્ષથી એટલે કે વર્ષ 2022થી બે નવી ટીમ ઉમેરાશે.

- આ બે નવી ટીમમાં લખનૌ અને અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આમ હવે IPLમાં કુલ ટીમની સંખ્યા 10 થઈ ગઈ છે.
- IPLની બે નવી ટીમનો સમાવેશ કરવા માટે બોલી લગાવવામાં આવી હતી.
- CVC Capital Partnersએ 5,655 કરોડ રૂપિયાની બોલી લગાવીને અમદાવાદની ટીમ પોતાના નામે કરી હતી.
- જ્યારે RPSG Groupના માલિક શ્રી સંજીવ ગોયન્કાએ 7090 કરોડ રૂપિયાની બોલી લગાવીને લખનૌની ટીમ પોતાના નામે કરી હતી.

### CVC Capital Partner

IPLની અમદાવાદ ફ્રેન્ચાઈઝી ખરીદનાર પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ 'CVC કેપિટલ પાર્ટનર્સ'નું હેડક્વાર્ટર લક્ઝમબર્ગ અને લંડનમાં આવેલ છે.

- વર્ષ 2019ના ડેટા મુજબ કંપની પાસે 75 બિલિયન ડોલરની એસેટ્સ છે.
- વિવિધ દેશોમાં આ કંપનીના ત્રણ લાખ કર્મચારીઓ છે.
- CVCની શરૂઆત વર્ષ 1981માં થઈ હતી.
- સ્ટીવ કોલ્ટેસ અને ડોનાલ્ડ મેકેન્ઝી કંપનીના સર્વેસર્વા છે.
- CVC કેપિટલે હાલમાં જ સ્પેનિશ ફૂટબોલ લીગ લા લીગા, ફોર્મ્યુલા વન અને રગ્બી ટીમમાં હિસ્સો ખરીદ્યો હતો.
- આ કંપની વિશ્વભરમાં શ્રેષ્ઠ ઈન્વેસ્ટમેન્ટ માટે જાણીતી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### RPSG Group

IPLની લખનૌ ફ્રેન્ચાઈઝી ખરીદનાર RPSG Groupના ચેરમેન શ્રી સંજીવ ગોયન્કા છે.

- RP–સંજીવ ગોયન્કા ગ્રુપ જેને ટૂંકમાં RPSG ગ્રુપ તરીકે ઓળખવામાં આવે છે.
- તેનું મુખ્ય મથક કોલકાતામાં આવેલું છે.
- RPSG ગ્રુપના બિઝનેસમાં પાવર અને ઉર્જા, કાર્બન બ્લેક મેન્યુફેક્ચરિંગ, IT સક્ષમતા વગેરેનો સમાવેશ થાય છે.

### IPL

IPLનું પૂરું નામ 'ઈન્ડિયન પ્રીમિયર લીગ' છે. IPL ભારતની પ્રોફેશનલ T-20 લીગ છે.

- BCCI દ્વારા IPLની સ્થાપના કરવામાં આવી હતી.
- IPLની સ્થાપનામાં શ્રી લલિત મોદીની મહત્ત્વની ભૂમિકા હતી.

- શ્રી લલિત મોદીના વિચારોથી જ IPLની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ IPLના પ્રથમ ચેરમેન અને કમિશ્નર હતા.
- IPLની પ્રથમ ટુર્નામેન્ટ વર્ષ **2008**માં યોજાય હતી. વર્ષ 2008થી દર વર્ષે એપ્રિલ–મે દરમિયાન ભારતમાં આ ટુર્નામેન્ટ યોજાય છે.
- વર્ષ 2008માં યોજાયેલી IPLની પ્રથમ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમનું નામ રાજસ્થાન રોયલ્સ છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ વખત આ ટુર્નામેન્ટ વિજેતા ટીમનું નામ મુંબઈ ઈન્ડિયન્સ છે.
- IPLનું સંચાલન **BCCI** દ્વારા કરવામાં આવે છે.
- BCCIનું પૂરું નામ 'બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા' છે.

## IPLની ટીમો

| ક્રમ | ટીમનું નામ | શહેર |
|---|---|---|
| 1 | ચેન્નાઈ સુપર કિંગ્સ | ચેન્નાઈ, તમિલનાડુ |
| 2 | દિલ્હી કેપિટલ્સ | નવી દિલ્હી |
| 3 | કોલકાતા નાઈટ રાઈડર્સ | કોલકાતા, પશ્ચિમ બંગાળ |
| 4 | મુંબઈ ઈન્ડિયન્સ | મુંબઈ, મહારાષ્ટ્ર |
| 5 | પંજાબ કિંગ્સ | મોહાલી, પંજાબ |
| 6 | રાજસ્થાન રોયલ્સ | જયપુર, રાજસ્થાન |
| 7 | રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | બેંગ્લોર, કર્ણાટક |
| 8 | સનરાઈઝર્સ હૈદરાબાદ | હૈદરાબાદ, તેલંગાણા |
| 9 | અમદાવાદ (નામકરણ બાકી) | અમદાવાદ, ગુજરાત |
| 10 | લખનૌ (નામકરણ બાકી) | લખનૌ, ઉત્તરપ્રદેશ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) વર્ષ **2021**ની IPL ટુર્નામેન્ટ ચેન્નાઈ સુપર કિંગ્સે જીતી હતી.

(2) BCCIના વર્તમાન પ્રમુખ શ્રી સૌરવ ગાંગુલી છે અને સેક્રેટરી શ્રી જય શાહ છે. જ્યારે ઉપ પ્રમુખ શ્રી રાજીવ શુક્લા છે.

(3) IPLના વર્તમાન અધ્યક્ષ શ્રી બ્રિજેશ પટેલ છે.

## 'કેસર-એ-હિંદ' ને અરૂણાચલના રાજ્ય પતંગિયા તરીકે મંજૂરી આપવામાં આવી

તાજેતરમાં અરૂણાચલ પ્રદેશે મોટા અને ચળકતા રંગના પતંગિયા 'કેસર–એ–હિંદ' ને રાજ્ય પતંગિયા તરીકે મંજૂરી આપી છે.

- કેસર–એ–હિંદનો શાબ્દિક અર્થ 'ભારતનો સમ્રાટ' થાય છે.
- કેસર–એ–હિંદ પતંગિયાનું વૈજ્ઞાનિક નામ **'Tinopalpus Imperialis'** (ટીનોપલપસ ઈમ્પીરીલીસ) છે.
- તે એક દુર્લભ અને સ્વેલોટેલ પતંગિયા છે જે મધ્યમ અને ઊંચાઈના સ્થળે જોવા મળે છે.
- સ્વેલોટેલ એ પતંગિયા પરિવાર 'પેપિલોઓનિડે' પતંગિયાનો સમૂહ છે.
- તે વધુ ઊંચાઈએ વ્યાપક પાંદડાવાળા સમશીતોષ્ણ સદાબહાર જંગલોમાં જોવા મળે છે.
- **90થી 120** મીમીની પાંખો ધરાવતું આ પતંગિયુ પૂર્વીય હિમાલયની સાથે પશ્ચિમ બંગાળ, મેઘાલય, આસામ, સિક્કિમ અને મણિપુરમાં પણ જોવા મળે છે.
- આ પતંગિયુ નેપાળ, ભૂટાન, મ્યાનમાર, લાઓસ, વિયેતનામ અને દક્ષિણ ચીનમાં પણ જોવા મળે છે.

## નોરોવાયરસ (Norovirus)

તાજેતરમાં કેરળના વાયનાડ જિલ્લામાં નોરોવાયરસના પ્રથમ કેસની પુષ્ટિ થઈ છે.

### નોરોવાયરસ

નોરોવાયરસ એ વાયરસનું એક જૂથ છે જે ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ રોગનું કારણ બને છે.

- તે ગંભીર ઉલ્ટી અને ઝાડા ઉપરાંત પેટ અને આંતરડામાં બળતરાનું કારણ બને છે.
- સ્વસ્થ લોકો પર આ વાયરસની કોઈ ખાસ અસર જોવા મળતી નથી.
- જોકે તે વૃદ્ધો, નાના બાળકો અને અન્ય સહ–રોગ ધરાવતા લોકોને ગંભીર અસર કરી શકે છે.
- નોરોવાયરસ ઘણા જંતુનાશકો સામે પ્રતિરોધક છે અને $60^0C$ સુધીના તાપમાને ટકી શકે છે.
- આ વાયરસ સામાન્ય રીતે ઘણા હેન્ડ સેનિટાઈઝર વડે પણ જીવિત રહી શકે છે.
- તેનો ચેપ વાયરસ ચેપગ્રસ્ત વ્યક્તિમાંથી દૂષિત સપાટી અથવા ખોરાક દ્વારા તંદુરસ્ત વ્યક્તિમાં ટ્રાન્સફર થઈ શકે છે.
- આ વાયરસ મુખ્યત્વે 'ઓરલ ફેકલ' દ્વારા ફેલાઈ શકે છે.
- આ વાયરસ માટે કોઈ ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, સામાન્ય રીતે ઝાડા અને ઉલ્ટી માટેની જેનેરિક દવાઓ રોગને મટાડવામાં મદદ કરી શકે છે.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBI અને EDના ડિરેક્ટરના કાર્યકાળમાં વધારો

તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રીએ બે વટહુકમ બહાર પાડયા છે, જે કેન્દ્ર સરકારને **CBI** અને **ED**ના ડિરેક્ટરોનો કાર્યકાળ બે વર્ષથી વધારીને પાંચ વર્ષ કરવાની મંજૂરી આપે છે.

- વટહુકમ દ્વારા 'દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ, 1946' અને 'સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એક્ટ, 2003'માં સુધારો કરવામાં આવ્યો છે.
- વટહુકમ મુજબ **CBI** અને **ED**ના ડિરેક્ટરોને તેમનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા હટાવી શકાય નહીં.
- CBI અને EDના ડિરેક્ટરોની નિમણૂક પહેલા બે વર્ષના સમયગાળા માટે થઈ શકે છે. જોકે, જરૂરી હોય તો કાર્યકાળ વધુ ત્રણ વર્ષ માટે લંબાવી શકાય છે.
- વિસ્તૃત ત્રણ વર્ષની મુદત માટે ત્રણ અલગ–અલગ વાર્ષિક એક્સ્ટેન્શનની જરૂર પડશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં સુધારો

જાહેર હિતમાં સંબંધિત (વડાપ્રધાન અને વિપક્ષના નેતા તથા ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની સમિતિ)ની ભલામણના આધારે ડિરેક્ટરની મુદત એક સાથે એક વર્ષ સુધી લંબાવી શકાય છે.

- પ્રારંભિક નિમણૂકમાં ઉલ્લેખિત સમયગાળા સહિત કુલ પાંચ વર્ષનો સમયગાળો પૂરો કર્યા પછી કોઈ એક્સ્ટેન્શન આપવામાં આવશે નહીં.

## સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એક્ટમાં સુધારો

જાહેર હિતમાં સંબંધિત (વડાપ્રધાન અને વિપક્ષના નેતા તથા ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની સમિતિ)ની ભલામણના આધારે ડિરેક્ટરની મુદત એક સાથે એક વર્ષ સુધી લંબાવી શકાય છે.

- પ્રારંભિક નિમણૂકમાં ઉલ્લેખિત સમયગાળા સહિત કુલ પાંચ વર્ષનો સમયગાળો પૂરો કર્યા પછી કોઈ એક્સ્ટેન્શન આપવામાં આવશે નહીં.

## CBI

CBI ભારતની અગ્રણી તપાસ એજન્સી છે. તેનું પૂરું નામ **'Central Bureau of Investigation'** છે.

- CBIની સ્થાપના **'Special Police Establishment'** (SPE) તરીકે વર્ષ **1941**માં થઈ હતી.
- ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી **'Dilhi Special Police Establishment Act, 1946'** દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- અને તેને 1 એપ્રિલ, 1963ના રોજ ગૃહ મંત્રાલયના ઠરાવ દ્વારા તેનું વર્તમાન નામ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન છે.
- સ્થાપના સમયે તેનું વડું મથક લાહોર ખાતે હતું.
- CBIનું વર્તમાન વડું મથક નવી દિલ્હીમાં લોધી રોડ ખાતે આવેલું છે.
- CBIનો મોટો **'Industry, Impartiality, Integrity'** છે.
- CBI ભારત સરકારના 'કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલય' અંતર્ગત કાર્ય કરે છે.

નોંધ : CBIના પ્રથમ ડિરેક્ટરનું નામ શ્રી ડી. પી. કોહલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBIનું માળખુ

CBIનું નેતૃત્વ **Director** દ્વારા કરવામાં આવે છે.

- આ ઉપરાંત તેની સાથે **Special Directore** અથવા **Additional Director**ની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.
- CBIના ડિરેક્ટરની નિમણૂક 3 સભ્યોની નિમણૂક સમિતિના આધારે કરવામાં આવે છે. જેના સભ્યો નીચે દર્શાવ્યા મુજબના હોય છે.

**સમિતિના સદસ્યો**
- પ્રધાનમંત્રી (સમિતિના અધ્યક્ષ)
- લોકસભાના વિરોધપક્ષના નેતા
- સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ અથવા તેમના દ્વારા ભલામણ કરાયેલ અન્ય ન્યાયાધીશ

## ED

EDનું પૂરું નામ **'Enforcement Directorate'** છે.

- એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ નાણાં મંત્રાલયના મહેસૂલ વિભાગ હેઠળની એક વિશિષ્ટ નાણાકીય તપાસ એજન્સી છે.
- **1 મે, 1956**ના રોજ વિનિમય નિયંત્રણ કાયદાના ઉલ્લંઘનનો સામનો કરવા ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ, **1947** હેઠળ આર્થિક બાબતોના વિભાગમાં એક 'એન્ફોર્સમેન્ટ યુનિટ'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ **1957**માં આ યુનિટનું નામ બદલીને 'એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ' કરવામાં આવ્યું હતું.
- ED નીચેના કાયદાઓને લાગુ કરે છે :

(1) ફોરેન એક્સેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 (FEMA)

(2) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2002 (PMLA)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MONDAY Questions

1. IPLમાં તાજેતરમાં કેટલી નવી ટીમોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4 — (B)

2. IPLમાં તાજેતરમાં કઈ બે નવી ટીમનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) અમદાવાદ અને લખનૌ (B) રાજકોટ અને પુણે
(C) વડોદરા અને જોધપુર (D) અમૃતસર અને પટણા — (A)

3. તાજેતરમાં IPLમાં સમાવેશ થનાર નવી ટીમ અમદાવાદની ફ્રેન્ચાઈઝી કોણે ખરીદી છે ?

(A) CVC Capital Partner (B) R&SG Group
(C) CNV Capital Group (D) Adani Group — (A)

4. તાજેતરમાં IPLમાં સમાવેશ થનાર નવી ટીમ લખનૌની ફ્રેન્ચાઈઝી કોણે ખરીદી છે ?

(A) CVC Capital Partner (B) JMC Group
(C) RPSG Group (D) NPSG Group — (C)

5. 'કેસર–એ–હિંદ નામના પતંગિયાને કયા રાજ્યના રાજ્ય પતંગિયા તરીકે મંજૂરી આપવામાં આવી છે ?

(A) આસામ (B) મેઘાલય (C) મણિપુર (D) અરૂણાચલ પ્રદેશ — (D)

6. તાજેતરમાં કયા રાજ્યમાં 'નોરોવાયરસ'ના પ્રથમ કેસની પુષ્ટિ થઈ છે ?

(A) તમિલનાડુ (B) કેરળ (C) ગોવા (D) તેલંગાણા — (B)

7. તાજેતરમાં રાષ્ટ્રપતિએ વટહુકમ પ્રસિદ્ધ કર્યો હતો. આ વટહુકમ અંતર્ગત CBI અને EDના ડિરેક્ટરનો કાર્યકાળ 2 વર્ષથી વધારીને કેટલા વર્ષ કરવામાં આવ્યો છે ?

(A) 1 (B) 3 (C) 4 (D) 5 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 16 નવેમ્બર,**
(1) રાષ્ટ્રીય પ્રેસ દિવસ અથવા રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ (National Press Day)
(2) આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ (International Day for Tolerance)
(3) ઓડિટ દિવસ

## ઓડિટ દિવસ

16 નવેમ્બર, 2021ના રોજ પ્રથમ વખત 'ઓડિટ દિવસ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- ઓડિટ ડે ભારતના CAGની ઐતિહાસિક ઉત્પતિને એક સંસ્થા તરીકે અને વર્ષોથી તેના શાસન પારદર્શિતા અને જવાબદારીમાં તેમને ચિહ્નિત કરવા માટે ઉજવવામાં આવે છે.
- CAGનું પૂરું નામ 'Comptroller and Auditor General of India' છે.
- ભારતીય બંધારણના ભાગ–5 અંતર્ગત અનુચ્છેદ 148માં ભારતના CAGની જોગવાઈ કરવામાં આવી છે. જેને ટૂંકમાં 'મહાલેખા પરીક્ષક' પણ કહેવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કરતારપુર કોરિડોરનું પુનઃ સંચાલન

ભારત અને પાકિસ્તાન વચ્ચેની પંજાબ સરહદે ઐતિહાસિક કરતારપુર કોરિડોરને ફરીથી ખોલવાનો નિર્ણય કર્યો છે.

- કોવિડ–19 મહામારીના કારણે કરતારપુર કોરિડોર બંધ કરવામાં આવ્યો હતો.
- તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે કરતારપુર કોરિડોર ખોલવાની જાહેરાત કરી હતી.

### કરતારપુર કોરિડર શું છે ?

કરતારપુર કોરિડોર એ ભારત અને પાકિસ્તાન વચ્ચેની પંજાબ સરહદે બનાવવામાં આવેલો Visa-free Border Crossing Secure Corridor છે.

- ભારતના પંજાબ રાજ્યના ગુરદાસપુર અને પાકિસ્તાનના પંજાબ પ્રાંતના નારોવલ જિલ્લાને આ કોરિડોર જોડે છે.
- ભારતના પંજાબના ગુરદાસપુર જિલ્લાના ડેરા બાબા નજીક (અથવા ડેરા બાબા નાનક સાહેબ) થી પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લાના કરતારપુર ખાતે આવેલા 'ગુરુદ્વારા દરબાર સાહેબ' વચ્ચે આશરે 4.7 કિમી લાંબો આ કોરિડોર બનાવવામાં આવ્યો છે.

### કરતારપુર કોરિડોરનો ઉદ્દેશ

ભારતના શિખ શ્રદ્ધાળુઓ પાકિસ્તાનના કરતારપુર ખાતે આવેલા 'ગુરુદ્વારા દરબાર સાહેબ'ની યાત્રાએ સરળતાથી જઈ શકે તે માટે આ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## કરતારપુરનું મહત્વ

કરતારપુર એ પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લાના શકરગઢ તાલુકામાં રાવી નદીના કિનારે આવેલું નગર છે.

- શિખ ધર્મના પ્રથમ ગુરુ શ્રી ગુરૂ નાનકે 16મી સદીમાં આ નગરની સ્થાપના કરી હતી અને ત્યાં પ્રથમ શિખ સમુદાય સ્થાપ્યો હતો.
- શ્રી ગુરૂ નાનક દેવજીએ તેમના જીવનના અંતિમ વર્ષો કરતારપુરમાં જ વિતાવ્યા હતા.
- અને 22 સપ્ટેમ્બર, 1539ના રોજ કરતારપુરમાં જ તેમનું નિધન થયું હતું.
- આથી, કરતારપુરમાં આવેલા 'ગુરુદ્વારા દરબાર સાહેબ' તરીકે ઓળખાતા ગુરુદ્વારામાં દર્શનાર્થે જવાનું શિખોમાં વિશેષ મહત્વ છે.
- જોકે, આ સ્થળ પાકિસ્તાનમાં આવેલું હોવાથી શીખ શ્રધ્ધાળુઓ ત્યાં સરળતાથી દર્શનાર્થે જઈ શકતા ન હતા.
- આથી, ભારતના ડેરા બાબા નાનક સાહેબ થી પાકિસ્તાનના કરતારપુર વચ્ચે આ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ડેરા બાબા નાનક સહેબ એ ભારતમાં પંજાબના ગુરદાસપુર જિલ્લામાં આવેલું શિખ ધર્મનું પ્રસિધ્ધ તીર્થસ્થળ છે.

## કરતારપુર કોરિડોરનું નિર્માણ

કરતારપુર કોરિડોરની રચનાનો સૌપ્રથમ પ્રસ્તાવ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈ અને પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શ્રી નવાઝ શરીફ દ્વારા દિલ્હી–લાહોર બસ ડિપ્લોમસી અંતર્ગત 1999માં રજૂ કરવામાં આવ્યો હતો.

- નવેમ્બર, 2019 દરમિયાન આ કોરિડોરના પ્રથમ ફેઈઝનું કાર્ય પૂર્ણ થયું છે.
- આ કોરિડોર અંતર્ગત ભારત–પાકિસ્તાન વચ્ચે રાવી નદી પર 800 મીટર લાંબા પુલનું નિર્માણ પણ ચાલું છે.
- ભારત સાઈડના આ કોરિડરનું નિર્માણ 'Land Ports Authority of India, National Highways Authority of India' અને Ciagall India Ltd દ્વારા કરવામાં આવ્યું છે.

## કરતારપુર કોરિડરનો શિલાયન્સ

26 નવેમ્બર, 2018ના રોજ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકેયા નાયડુએ ભારતમાં પંજાબના ગુરદાસપુર જિલ્લાના માન ગામમાં આ કોરિડોરનો શિલાયન્સ કર્યો હતો.

- જ્યારે 28 નવેમ્બર, 2018ના રોજ પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી ઈમરાન ખાને પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લામાં આ કોરિડોરનો શિલાયન્સ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ગુરૂ નાનક દેવ

શ્રી ગુરૂ નાનક દેવજીનો જન્મ 29 નવેમ્બર, 1469ના રોજ તલવંડી અથવા તો રાય ભોઈની તલવંડી નામના ગામમાં થયો હતો.

- આ સ્થળ હાલ પાકિસ્તાનના પંજાબના નાનકાના સાહિબમાં આવેલું છે.
- કેટલાક વિદ્વાનોને મતે શ્રી ગુરૂ નાનક દેવનો જન્મ વૈશાખ મહિનામાં 15 એપ્રિલ, 1469ના રોજ થયો હતો.
- જોકે, પ્રચલિત માન્યતા અનુસાર શ્રી ગુરૂ નાનક દેવનો જન્મ 29 નવેમ્બર, 1469ને કાર્તિકી પૂર્ણિમાના રોજ થયો હોવાનું માનવામાં આવે છે.
- તેમણે અંધશ્રધ્ધા, પાખંડ મૂર્તિપૂજા, રૂઢિચુસ્તતા, બહુદેવવાદ અને સમાજના અન્ય કુરિવાજોનો વિરોધ કરી એકેશ્વરવાદનો માર્ગ અપનાવ્યો હતો.
- તેમણે 'સત–નામ' અને 'સત–કરતાર' નામોનો પ્રચાર કર્યો હતો. જે પાછળથી 'સત શ્રી અકાલ' તરીકે પ્રસિદ્ધ થયો છે.
- ગુરૂ નાનકે 'ગુરૂકા લંગર'ની પ્રથા (વિના મૂલ્યે જમાડવાની પ્રથા) શરૂ કરી હતી.
- ગુરૂ નાનકના ઉપદેશો 'ગ્રંથ સાહેબ'માં સાચવવામાં આવ્યો છે. તેમનો ગ્રંથ ગુરૂલિપીમાં લખાયેલ છે.

## SITMEX- 2021

તાજેતરમાં ત્રિપક્ષીય નૌસેના અભ્યાસ 'સિંગાપોર–ભારત–થાઈલેન્ડ મેરિટાઈમ એક્સરસાઈઝ' (SITMEX) ની ત્રીજી આવૃત્તિ હિંદ મહાસાગરના આંદામાન સમુદ્રમાં યોજાય હતી.

- આ અભ્યાસ ભારતની SAGAR (હિંદ મહાસાગર ક્ષેત્રમાં બધા માટે સુરક્ષા અને વૃધ્ધિ) નીતિના ઉદ્દેશ્યોને અનુરૂપ છે.
- SITMEXની પ્રથમ આવૃત્તિ ભારતીય નૌકાદળ દ્વારા સપ્ટેમ્બર 2019માં પોર્ટ બ્લેર ખાતે હાથ ધરવામાં આવી હતી.
- જ્યારે બીજી આવૃત્તિ નવેમ્બર 2020માં સિંગાપોર દ્વારા હોસ્ટ કરવામાં આવી હતી.
- આ કવાયતની વર્ષ 2021ની આવૃત્તિ થાઈલેન્ડ દ્વારા હોસ્ટ કરવામાં આવી રહી છે.
- આ યુધ્ધ અભ્યાસ કે કવાયતનો મુખ્ય ઉદ્દેશ પરસ્પર સંબંધોને મજબૂત કરવાનો અને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં વ્યાપક દરિયાઈ સુરક્ષા વધારવાની દિશામાં સામાન્ય સમજણ અને પ્રક્રિયાઓ વિકસાવવાનો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. ભારતમાં 'રાષ્ટ્રીય પ્રેસ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય પત્રકારત્વ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 નવેમ્બર (B) 15 નવેમ્બર (C) 16 નવેમ્બર (D) 17 નવેમ્બર **(C)**

3. વર્ષ 2021માં કયા દિવસના રોજ 'ઓડિટ દિવસ'નું પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 16 નવેમ્બર (B) 17 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 19 નવેમ્બર **(A)**

4. તાજેતરમાં કરતારપુર કોરિડોરને ફરીથી ખોલવાનો નિર્ણય કર્યો છે. આ કરતારપુર કોરિડોર ભારત અને પાકિસ્તાનના કયા બે જિલ્લાઓને જોડે છે ?

(A) ગુરદાસપુર અને સિયાલકોટ (B) ગુરદાસપુર અને શેખપુર

(C) ગુરદાસપુર અને સિયાલકોટ (D) ગુરદાસપુર અને નારોવલ **(D)**

5. કરતારપુર કોરિડોર કયા બે તીર્થસ્થળોને જોડે છે ?

(A) ડેરા બાબા નાનક સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ

(B) શ્રી હરમંદિર સાહેબ અને ગુરુદ્વારાના દરબાર સાહેબ

(C) શ્રી હેમકુંડ સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ

(D) શ્રી તરન સાહેબ અને ગુરુદ્વારા દરબાર સાહેબ **(A)**

6. તાજેતરમાં ત્રિપક્ષીય નૌસેના અભ્યાસ 'સિંગાપોર–ભારત–થાઈલેન્ડ મેરિટાઈમ એક્સરસાઈઝ' (SITMEX) 2021ની કેટલામી આવૃત્તિ હિંદ મહાસાગરના આંદામાન સમુદ્રમાં યોજાય હતી ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પૂર્વાંચલ એક્સપ્રેસ વે'નું ઉદ્‌ઘાટન કર્યું.

તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૂર્વાંચલ એક્સપ્રેસ વે નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

## પૂર્વાંચલ એક્સપ્રેસ વિશે

તે લખનૌ જિલ્લામાં હાલના લખનૌ–સુલતાનપુર રોડ (NH-731) નજીક સ્થિત ચાંદસરાઈ ગામમાંથી શરૂ થાય છે અને ગાઝીપુર જિલ્લામાં યુપી–બિહાર સરહદથી 18 કિ.મી દૂર આવેલા NH-31 પર હૈદરિયા ગામમાં સમાપ્ત થાય છે.

- આ એક્સપ્રેસ વે હાલના આગ્રા–લખનૌ અને આગ્રા–નોઈડા યમુના એક્સપ્રેસ વે સાથે જોડાશે અને એક ઔદ્યોગિક કોરિડર બનાવશે, જે યુપીની પૂર્વથી પશ્ચિમી સરહદોને કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- આ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ વે પર આવતા જિલ્લાઓમાં લખનૌ, અમેઠી, સુલતાનપુર, અયોધ્યા, આંબેડકર નગર, આઝમગઢ, મઉ અને ગાઝીપુર છે.

## વિશેષતા

આ એક્સપ્રેસ વે પર વાહનો માટે સી.એન.જી સ્ટેશન અને ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન હશે.

- અને તેને આગ્રા અને બુંદેલખંડ એક્સપ્રેસ વે દ્વારા ડિફેન્સ કોરિડર સાથે જોડવામાં આવશે.
- તેમાં એરક્રાફ્ટના ઈમર્જન્સિ લેન્ડિંગ માટે સુલતાનપુર જિલ્લા નજીક અખલકીરી કરવત ગામમાં 3.2 કિ.મી લાંબી હવાઈ પટ્ટીનો પણ સમાવેશ થાય છે.

## લાભ

ઉત્તરપ્રદેશ રાજ્યનો પૂર્વીય વિસ્તાર આગ્રા–લખનૌ અને યમુના એક્સપ્રેસ વે દ્વારા માત્ર લખનૌ સાથે જ નહીં પરંતુ રાષ્ટ્રીય રાજધાની સાથે પણ જોડાશે.

- તે ઉત્તરપ્રદેશના પૂર્વીય ભાગોના આર્થિક વિકાસને વેગ આપશે.
- આ એક્સપ્રેસ વે ઉત્પાદિત કૃષિ કોમોડિટીઝ અને અન્ય ઉત્પાદનો માટે મોટા બજારોમાં વધુ સારી અને ઝડપી એક્સેસ પ્રદાન કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પોચમપલ્લીને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર મળ્યો

તાજેતરમાં તેલંગાણા રાજ્યના પોચમપલ્લી ગામને યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરીઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) દ્વારા સર્વશ્રેષ્ઠ પ્રવાસન ગામોમાંથી એક તરીકે પંસદ કરવામાં આવ્યું છે.

- ડિસેમ્બર, 2021માં મેડ્રિડ (સ્પેન)માં UNWTO જનરલ એસેમ્બલીના 24માં સત્રના અવસરે આ એવોર્ડ આપવામાં આવશે.
- તેલંગાણાના નાલગોંડા જિલ્લામાં આવેલું પોચમપલ્લી તેની ઉત્કૃષ્ટ સાડીઓ માટે જાણીતું છે.
- તેને ઘણી વખત ભારતના સિલ્ક સિટી તરીકે ઓળખવામાં આવે છે.
- આ સાડીઓ ઈકત નામની અનોખી શૈલી દ્વારા વણાયેલી છે.
- આચાર્ય વિનોબા ભાવે દ્વારા 18 એપ્રિલ, 1951ના રોજ આ ગામમાંથી શરૂ કરાયેલ ભૂદાન ચળવળની યાદમાં પોચમપલ્લીને ભૂદાન પોચમપલ્લી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- પ્રવાસન મંત્રાલયે UNWTO શ્રેષ્ઠ પ્રવાસન ગામ પ્રવેશ માટે ભારતના ત્રણ ગામોની ભલામણ કરી હતી.
- તેમાંથી પોચમપલ્લીને UNWTO દ્વારા શ્રેષ્ઠ પ્રવાસન ગામોમાંના એક તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- આ ભલામણ કરેલ ત્રણ ગામોમાં મેઘાલયના કોંગથોંગ, મધ્યપ્રદેશના લાધપુરા ખાસ અને તેલંગાણાના પોચમપલ્લીનો સમાવેશ થાય છે.

### શ્રેષ્ઠ પ્રવાસન ગામ પહેલ

તે UNWTO દ્વારા ગામડાઓના મહત્ત્વને ઉજાગર કરવા માટે હાથ ધરવામાં આવેલ એક પ્રાયોગિક પ્રોજેક્ટ છે.

- જે પ્રવાસન સંસ્કૃતિ અને પરંપરાઓને જાળવવાની તકો પ્રદાન કરવા, સામૂહિક ઉજવણીને પ્રોત્સાહિત કરવા અને જૈવવિવિધતાનું રક્ષણ કરે છે.
- તેનો ઉદ્દેશ્ય એવા ગામોને પુરસ્કાર આપવાનો છે જે ગ્રામીણ સ્થળોના ઉત્કૃષ્ટ ઉદાહરણો છે અને તેના નિયુક્ત નવ મૂલ્યાંકન ઝોનને અનુરૂપ સારી પ્રથાઓનું પ્રદર્શન કરે છે.
- તેનો ઉદ્દેશ્ય ગામડાઓને તાલીમ અને સુધારણા માટેની તકો પૂરી પાડીને ગ્રામીણ પ્રવાસન ક્ષમતાને વધારવામાં મદદ કરવાનો છે.

### UNWTO

યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરીઝમ ઓર્ગેનાઈઝેશન (UNWTO) એ સંયુક્ત રાષ્ટ્રની એક વિશિષ્ટ એજન્સી છે. જે જવાબદાર, ટકાઉ અને સાર્વત્રિક રીતે સુલભ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે જવાબદાર છે.

- તેની સ્થાપના વર્ષ 1975માં કરવામાં આવી હતી.
- તેનું વડું મથક સ્પેનના મેડ્રિડમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં તાજેતરમાં 'પૂર્વાંચલ એક્સપ્રેસ વે'નું ઉદ્ઘાટન કર્યુ છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) મણિપુર (D) મેઘાલય **(A)**

2. 'પૂર્વાંચલ એક્સપ્રેસ–વે' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશમાં તેનું ઉદ્ઘાટન કર્યુ હતું.
2. તે લખનૌ જિલ્લામાં હાલના લખનૌ–સુલતાનપુર રોડ (NH-731) નજીક સ્થિત ચાંદસરાઈ ગામમાંથી શરૂ થાય છે અને ગાઝીપુર જિલ્લામાં હૈદરિયા ગામમાં સમાપ્ત થાય છે.
3. આ એક્સપ્રેસ–વે હાલના આગ્રા–લખનૌ અને આગ્રા નોઈડા યમુના એક્સપ્રેસ–વે સાથે જોડશે.
4. આ એક્સપ્રેસ–વે પર વાહનો માટે સી.એન.જી સ્ટેશન અને ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન હશે.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. તાજેતરમાં UNWTO દ્વારા ભારતના કયા ગામને સર્વશ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર આપવામાં આવ્યો છે ?

(A) કોંગથોંગ (B) લાધપુરા (C) પોચમપલ્લી (D) રામપૂર ખાસ **(C)**

4. તાજેતરમાં સયુંક્ત રાષ્ટ્રની વિશેષ એજન્સી UNWTO દ્વારા પોચમપલ્લીને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર આપ્યો છે. આ ગામ કયા રાજ્યમાં આવેલ છે ?

(A) તેલંગાણા (B) રાજસ્થાન (C) હરિયાણા (D) ઉત્તરપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICC T-20 વર્લ્ડ કપ 2021માં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન

17 ઓક્ટોબર થી 14 નવેમ્બર, 2021 દરમિયાન ICC T-20 વર્લ્ડ કપ 2021નું આયોજન થયું હતું.

- વર્ષ 2021માં યોજાયેલ આ 7મો ICC મેન્સ T-20 વર્લ્ડ કપ હતો.
- આ T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝિલેન્ડને 8 વિકેટે હરાવી આ વર્લ્ડ કપ જીતી લીધો છે.
- આ ફાઈનલ મેચમાં ન્યૂઝિલેન્ડે ઓસ્ટ્રેલિયાને 172 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જે ઓસ્ટ્રેલિયાએ 18.5 ઓવરમાં 173 રન કરી ચેમ્પિયન બન્યું હતું.
- નોંધનીય છે કે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ વખત આ T-20 વર્લ્ડ કપ જીત્યો છે.

### T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ

ICC T-20 વર્લ્ડ કપની ફાઈનલ મેચ દુબઈના ‘દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ’ ખાતે યોજાઈ હતી.

- આ ફાઈનલ મેચમાં 77 રન ફટકારનાર ઓસ્ટ્રેલિયાના ખેલાડી શ્રી મિશેલ માર્શ ‘મેન ઓફ ધ મેચ’ જાહેર થયા હતા.

### મેન ઓફ ધ સિરીઝ

ICC T-20 વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ક્રિકેટર શ્રી ડેવિડ વોર્નર ‘પ્લેયર ઓફ ધ સિરીઝ’ જાહેર થયા હતા.

- આ T-20 વર્લ્ડ કપમાં શ્રી ડેવિડ વોર્નરે 289 રન ફટકાર્યા હતા.

### ICC T-20 વર્લ્ડ કપ 2021ની વિશેષતા

મૂળરૂપે આ ઈવેન્ટ 18 ઓક્ટોબર થી 15 નવેમ્બર, 2020 દરમિયાન ઓસ્ટ્રેલિયામાં યોજાવાની હતી. પરંતુ ICCએ આ વર્લ્ડ કપ કોરોના મહામારીના કારણે મુલતવી રાખ્યો હતો.

- ત્યારબાદ ICCએ પૃષ્ટી કરી હતી કે આ વર્લ્ડ કપ વર્ષ 2021માં ભારતમાં યોજાશે જ્યારે વર્ષ 2022નો T-20 વર્લ્ડ કપ ઓસ્ટ્રેલિયામાં યોજાશે.
- પરંતુ ભારતમાં કોરોના મહામારી સ્થિતિ ગંભીર થતા વર્લ્ડ કપ સંયુક્ત આરબ અમીરાત (UAE)માં ખસેડવામાં આવ્યો હતો.
- T-20 વર્લ્ડ કપના પ્રારંભિક રાઉન્ડ યુ.એ.ઈ અને ઓમાનમાં રમાયા હતા.
- 31 ડિસેમ્બર, 2018 સુધીમાં ભારત સહિત 9 દેશો T-20 વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયા હતા.
- નોંધનીય છે કે બાંગ્લાદેશ અને શ્રીલંકા T-20 વર્લ્ડ કપમાં શરૂઆતમાં ક્વોલિફાય થયા ન હતા.
- ત્યારબાદ આ બંને ટીમોને સ્પર્ધા જૂથ તબક્કામાં મુકવામાં આવ્યા હતા અને તેમાંથી તેમણે સુપર– 12 માટે ક્વોલિફાય કર્યુ હતું.
- આ વર્લ્ડ કપના ગ્રુપ– 1 માં ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ અને બાંગ્લાદેશ વચ્ચે મેચો યોજાય હતી.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- જ્યારે <u>ગ્રુપ– 2</u> માં પાકિસ્તાન, ન્યૂઝિલેન્ડ, ભારત, અફઘાનિસ્તાન, નામિબિયા અને સ્કોટલેન્ડ વચ્ચે મેચો યોજાય હતી.
- વિશ્વભરમાં ચાલી રહેલા <u>જાતિવાદનો ભોગ બનેલા ખેલાડીઓને એકતાનો સંદેશો</u> આપવા માટે ટીમોના ખેલાડીઓ મેચ શરૂ થાય એ પહેલા એક ઘૂંટણ પર બેઠીને એકતાનો સંદેશો આપ્યો હતો. ટીમોએ <u>બ્લેક લાઈફ મેટર (Black Life Matter)</u>નો સંદેશ આપવા માટે આ કર્યુ હતું. બ્લેક લાઈફ મેટર એ જાતિવાદ અને વંશિય પ્રેરિત હિંસા સામે વિરોધ કરતી સામાજિક ચળવળ છે.
- ICC T-20 વર્લ્ડ કપમાં <u>સૌથી વધુ રન</u> પાકિસ્તાનના ખેલાડી <u>શ્રી બાબર આઝમે</u> <u>303 રન</u> ફટકાર્યા હતા.
- ICC T-20 વર્લ્ડ 2021માં <u>સૌથી વધુ વિકેટ</u> શ્રીલંકાના ખેલાડી <u>શ્રી વાનિન્દુ હસરંગા</u>એ ઝડપી હતી. તેમણે કુલ <u>16 વિકેટ</u> ઝડપી હતી.
- T-20 વર્લ્ડ કપ 2021 વિજેતા ટીમ ઓસ્ટ્રેલિયાને <u>13.1 કરોડ</u>ની પ્રાઈઝ મની મળી હતી.
- વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયા વિજેતા બન્યા બાદ શૂઝમાં બિયર અથવા આલ્કોહલ ભરી અને પીતા જોવા મળ્યા હતા. જેને '<u>શૂઈ પરંપરા</u>' તરીકે ઓળખવામાં આવે છે.
- ઓસ્ટ્રેલિયામાં '<u>શૂઈ પરંપરા</u>'ને ગુડ લક તરીકે માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## T-20 મેન્સ વર્લ્ડ કપ વિજેતા ટીમો

| ક્રમ | વર્ષ | વિજેતા ટીમ | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | 2007 | ભારત | પાકિસ્તાન |
| 2 | 2009 | પાકિસ્તાન | શ્રીલંકા |
| 3 | 2010 | ઈંગ્લેન્ડ | ઓસ્ટ્રેલિયા |
| 4 | 2012 | વેસ્ટઈન્ડિઝ | શ્રીલંકા |
| 5 | 2014 | શ્રીલંકા | ભારત |
| 6 | 2016 | વેસ્ટઈન્ડિઝ | ઈંગ્લેન્ડ |
| 7 | 2021 | ઓસ્ટ્રેલિયા | ન્યુઝિલેન્ડ |

નોંધ : (1) વર્ષ <u>2007</u>માં સૌપ્રથમ T-20 વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2007માં સૌપ્રથમ <u>ભારતે</u> આ T-20 વર્લ્ડ કપ જીત્યો હતો.

## ICC

આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટનું સંચાલન 'International Cricket Council' (IOC) દ્વારા કરવામાં આવે છે.

- ICCની સ્થાપના 15 જૂન, 1909ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના દુબઈ ખાતે આવેલું છે.
- તેનું ધ્યેય વાક્ય 'Cricket for Good' છે.
- ICCના ફૂલ ટાઈમ સભ્યોમાં કુલ 12 દેશોનો સમાવેશ થાય છે.

## ICC મેન્સ ક્રિકેટ કમિટીના અધ્યક્ષ તરીકે શ્રી સૌરવ ગાંગુલીની નિમણૂક



તાજેતરમાં BCCIના પ્રમુખ શ્રી સૌરવ ગાંગુલીને ICC મેન્સ ક્રિકેટ સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.


- શ્રી સૌરવ ગાંગુલી શ્રી અનિલ કુંબલેનું સ્થાન લેશે.
- શ્રી અનિલ કુંબલેએ પોતાનો મહત્તમ ત્રણ વર્ષનો કાર્યકાળ તાજેતરમાં પૂર્ણ કર્યો છે.
- ICC મેન્સ ક્રિકેટ કમિટી મુખ્યત્વે મેન્સ ક્રિકેટને લગતા નિર્ણયો લેવા અને મુખ્ય કાર્યકારી સમિતિને રિપોર્ટ કરવા જવાબદાર છે.

નોંધ : (1) ICCના વર્તમાન અધ્યક્ષ શ્રી ગ્રેગ બાર્કલે છે.
(2) શ્રી સૌરવ ગાંગુલી વર્તમાન BCCIના અધ્યક્ષ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના પ્રસિધ્ધ ઈતિહાસકાર શ્રી બાબાસહેબ પુરંદરેનું નિધન

તાજેતરમાં ભારતના પ્રસિધ્ધ ઈતિહાસકાર અને લેખક શ્રી બાબાસહેબ પુરંદરેનું આવસાન થયું છે.



### શ્રી બાબા સાહેબ પુરંદરે

શ્રી બાબા સાહેબ પુરંદરેનો જન્મ 29 જુલાઈ, 1922ના રોજ મહારાષ્ટ્રમાં થયો હતો.

- શ્રી બાબા સાહેબ પુરંદરેનું મૂળનામ 'શ્રી બળવંત મોરેશ્વર પુરંદરે' છે.
- તેઓ એક લેખક અને ઈતિહાસકાર હતા.
- શ્રી બાબા સાહેબ પુરંદરે શ્રી છત્રપતિ શિવાજી મહારાજના જીવન પરના તેમના લખાણો માટે પ્રખ્યાત હતા.
- તેઓ 'શિવ–શહીર' તરીકે પ્રસિધ્ધ હતા.
- તેમને છત્રપતિ શિવાજી મહારાજ પર લેખન કાર્ય કરવાની સત્તા હતી અને ખૂબ જ નાની ઉંમરે શિવાજીના જીવન અને સિધ્ધિઓ પર લખવાનું (વાર્તાઓ) કામ શરૂ કર્યુ હતું.
- આ વાર્તાઓ પાછળથી સંકલિત કરવામાં આવી હતી. અને થિનાગ્ય અથવા સ્પાકર્સ નામના પુસ્તક તરીકે પ્રકાશિત કરવામાં આવી હતી.
- વર્ષ 2019માં તેમને 'પદ્મ વિભૂષણ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## લાંચનું જોખમ મેટ્રિક્સ, 2021

તાજેતરમાં લાંચ રૂશ્વત વિરોધી માનક નિર્ધારણ સંસ્થા <u>TRACE</u> દ્વારા ‘<u>લાંચનું જોખમ મેટ્રિક્સ 2021</u>’ બહાર પાડવામાં આવ્યું હતું.

- તે <u>194</u> દેશો, પ્રદેશો અને સ્વાયત્ત અને અર્ધ–સ્વાયત્ત પ્રદેશોમાં લાંચના જોખમને માપે છે.
- તે વ્યાપારી લાંચના જોખમો વિશે વધુ વિશ્વસનીય અને સચોટ માહિતી માટે વિશ્વભરના વેપારી સમુદાયની જરૂરિયાતને પહોંચી વળવા માટે મૂળ 2014માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
- તે સંયુક્ત રાષ્ટ્ર, વિશ્વ બેંક, ગોથેનબર્ગ યુનિવર્સિટી ખાતેની વી–ડેમ સંસ્થા અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સહિત મુખ્ય જાહેર હિત અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી સંબંધિત ડેટા એકત્રિત કરે છે.
- આ રિપોર્ટ અનુસાર <u>ઉત્તર કોરિયા</u>, <u>તુર્કમેનિસ્તાન</u>, <u>વેનેઝુએલા</u> અને <u>એરિટ્રિયા</u>માં વ્યાપારિ લાંચનું વધુ જોખમ છે.
- જ્યારે <u>ડેનમાર્ક</u>, <u>નોર્વે</u>, <u>સ્વીડન</u>, <u>ફિનલેન્ડ</u> અને <u>ન્યૂઝિલેન્ડ</u>માં સૌથી ઓછુ જોખમ છે.
- વર્ષ <u>2021</u>ના આ ઈન્ડેક્સમાં ભારત <u>82</u>માં ક્રમે છે.
- વર્ષ 2020માં ભારત <u>45</u>ના સ્કોર સાથે <u>77</u>માં ક્રમે હતું જ્યારે આ વર્ષે ભારત 44ના સ્કોર સાથે <u>82</u>માં ક્રમે રહ્યું છે.

### TRACE લાંચનું જોખમ મેટ્રિક્સ 2021

| રેન્ક | દેશ |
|---|---|
| 1 | ડેનમાર્ક |
| 2 | નોર્વે |
| 3 | સ્વીડન |
| 82 | ભારત |
| 193 | તુર્કમેનિસ્તાન |
| 194 | ઉત્તર કોરિયા |



## THURSDAY Questions

1. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2021માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ન્યૂઝિલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) પાકિસ્તાન (D) શ્રીલંકા **(B)**

2. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2021માં કઈ ટીમ રનર્સ અપ રહી છે ?

(A) ન્યૂઝિલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) પાકિસ્તાન (D) ઈંગ્લેન્ડ **(A)**

3. ICC T-20 મેન્સ વર્લ્ડ કપ 2021માં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' કોણ બન્યું છે ?

(A) શ્રી સ્ટીવ સ્મિથ (B) શ્રી કેન વિલિયમસન (C) શ્રી ડેવિડ વોર્નર (D) શ્રી મિશેલ માર્શ **(C)**

4. ભારતના પ્રસિદ્ધ ઈતિહાસકાર અને લેખક શ્રી બાબા સાહેબ પુરંદરેનું તાજેતરમાં નિધન થયું છે. તેઓ ભારતના કયા પ્રસિદ્ધ શાસકના જીવન પરના લેખ માટે જાણીતા હતા ?

(A) છત્રપતિ શિવાજી મહારાજ (B) કૃષ્ણદેવ રાય

(C) મહારાણા પ્રતાપ (D) પૃથ્વીરાજ ચૌહાણ **(A)**

5. તાજેતરમાં ICC મેન્સ ક્રિકેટ સમિતિના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી સૌરવ ગાંગુલી (B) શ્રી રાહુલ દ્રવિડ (C) શ્રી રવિ શાસ્ત્રી (D) શ્રી એમ. એસ. ધોની **(A)**

6. તાજેતરમાં TRACE દ્વારા પ્રસિધ્ધ થયેલ 'લાંચનું જોખમ મેટ્રિક્સ, 2021'માં ભારતનો ક્રમ કેટલામો છે ?

(A) 70 (B) 76 (C) 82 (D) 92 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ દિવસ મહિમા : 19 નવેમ્બર (1) શ્રીમતી ઈન્દીરા ગાંધી જન્મદિન
(2) વિશ્વ શૌચાલય દિવસ (World Toilet Day)
(3) International Men's Day

## વિશ્વ શૌચાલય દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ 'વિશ્વ શૌચાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'World Toilet Organization' દ્વારા સૌપ્રથમ 2001થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2012-13માં તેને માન્યતા આપવામાં આવી છે.

## શ્રીમતી ઈન્દિરા ગાંધી જન્મદિન

ભારતમાં દર વર્ષે 19 નવેમ્બરના રોજ લોખંડી મહિલા અને ભારતના એક માત્ર મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મજયંતી ઉજવાય છે.

- 19 નવેમ્બર, 1917ના રોજ ઉત્તરપ્રદેશના અલાહાબાદ(પ્રયાગરાજ) ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ભારતના પહેલા અને આજ દિન (19 નવેમ્બર, 2021) સુધીના એકમાત્ર મહિલા વડાપ્રધાન હતા.
- તેઓ સૌપ્રથમ 1966માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના નિધન બાદ ભારતના વડાપ્રધાન બન્યા હતા.
- જુલાઈ 1969માં તેમણે 14 બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું.
- 1971માં પૂર્વ પાકિસ્તાનથી ભારતમાં આવેલા શરણાર્થીઓની સમસ્યાના ઉકેલ માટે પાકિસ્તાન સાથે યુદ્ધ કર્યું અને સ્વતંત્ર બાંગ્લાદેશનો જન્મ થયો.
- અણુબોમ્બ બનાવવા માટે 1967માં નેશનલ ન્યુક્લિઅર પ્રોગ્રામ શરૂ કર્યો અને 1974માં 'સ્માઈલિંગ બુદ્ધા (હસતાં બુદ્ધ)'ના સાંકેતિક નામથી રાજસ્થાનના રણ વિસ્તારમાં આવેલા પોખરણ ગામ નજીક પ્રથમ વખત સફળ અણુ પરીક્ષણ કર્યું હતું.
- 1971ની ચૂંટણીમાં 'ગરીબી હટાવો'નું સૂત્ર આપ્યું હતું.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીની ભલામણથી કલમ 352ની જોગવાઈ અનુસાર તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ફકરુદ્દીન અલી અહેમદે 26 જૂન, 1975ના રોજ ભારતમાં 'આંતરિક અવ્યવસ્થા'ને લઈને 'કટોકટી'ની સ્થિતિ જાહેર કરી હતી.
- જૂન 1984માં પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિરમાં છૂપાયેલા અને અલગ ખાલિસ્તાનની માગ કરી રહેલા એક જૂથના સફાયા માટે 'ઓપરેશન બ્લ્યુ સ્ટાર' હાથ ધર્યું અને અમૃતસરના સુવર્ણ મંદિર સંકુલમાં લશ્કરી કાર્યવાહી કરી.
- 31 ઓક્ટોબર, 1984ના રોજ નવી દિલ્હી ખાતે તેમના જ અંગરક્ષકો દ્વારા શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી.
- દિલ્હીમાં રાજઘાટ પાસે આવેલું શ્રીમતી ઈન્દિરા ગાંધીનું સમાધિ સ્થળ 'શક્તિ સ્થળ' તરીકે ઓળખાય છે.
- શ્રીમતી ઈન્દિરા ગાંધીનું ઉપનામ 'પ્રિયદર્શિની' હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિલ્હી ખાતે આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | મિનિંગ |
|---|---|---|---|
| 1 | શ્રી મહાત્મા ગાંધીજી | રાજઘાટ | રોયલ સ્ટેપ્સ |
| 2 | શ્રી જવાહરલાલ નહેરુ | શાંતિવન | ગાર્ડન ઓફ પીસ |
| 3 | શ્રી લાલ બહાદુર શાસ્ત્રી | વિજય ઘાટ | વિક્ટ્રી પ્લેટફોર્મ |
| 4 | શ્રીમતી ઈન્દિરા ગાંધી | શક્તિ ઘાટ | પ્લેસ ઓફ પાવર |
| 5 | શ્રી જગજીવન રામ | સમતા સ્થળ | પ્લેસ ઓફ ઈક્વાલિટી |
| 6 | શ્રી ચૌધરી ચરણસિંહ | કિસાન ઘાટ | ફાર્મર્સ પ્લેટફોર્મ |
| 7 | શ્રી રાજીવ ગાંધી | વીર ભૂમિ | લેન્ડ ઓફ બ્રેવ |
| 8 | શ્રી જ્ઞાની ઝૈલસિંહ | એકતા સ્થળ | પ્લેસ ઓફ યુનિટી |
| 9 | શ્રી શંકર દયાલ શર્મા | કર્મ ભૂમિ | લેન્ડ ઓફ ડયુટી |
| 10 | શ્રી આઈ. કે. ગુજરાલ | સ્મૃતિ સ્થળ | પ્લેસ ઓફ રીમેમ્બરન્સ |
| 11 | શ્રી ચન્દ્રકાન્ત શેખર | જનનાયક સ્થળ | પ્લેસ ઓફ પિપલ્સ લીડર |
| 12 | શ્રી દેવીલાલ | સંઘર્ષ સ્થળ | પ્લેસ ઓફ સ્ટ્રગલ |
| 13 | શ્રી કિશનકાંત | નિગમબોધ ઘાટ | – |
| 14 | શ્રી પી. વી. નરસિંહ રાવ | પી. વી. ઘાટ | – |
| 15 | શ્રી અટલ બિહારી વાજપેઈ | સદૈવ અટલ | – |

## દિલ્હી સિવાય ભારતના અન્ય સ્થળોએ આવેલા વિવિધ મહાનુભાવોના સમાધિ સ્થળો

| ક્રમ | નામ | સ્મારક | સ્થળ |
|---|---|---|---|
| 1 | ડો. બાબા સાહેબ આંબેડકર | ચૈત્ય ભૂમિ | દાદર, ચોપાટી, મુંબઈ |
| 2 | શ્રી મોરારજી દેસાઈ | અભય ઘાટ | અમદાવાદ |
| 3 | શ્રી ગુલઝારીલાલ નંદા | નારાયણ ઘાટ | અમદાવાદ |

**નોંધ :** (1) બ્લ્યુ માર્બલ પ્લેટ ફોર્મ અને કાળા આરસપહાણનો ચબૂતરો એ શ્રી મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ રાજઘાટની વિશેષતા છે.

(2) જ્યારે એક મોટું કમળનું ફૂલ અને તેની ફરતે શ્રી રાજીવ ગાંધીનો જીવનકાળ દર્શાવતા નાના 46 કમળના ફૂલ તથા તેની ફરતે ભારતના દરેક રાજ્યમાંથી આવેલી શિલાઓ એ શ્રી રાજીવ ગાંધીના સમાધિ સ્થળ વીર ભૂમિની વિશેષતા છે.

(3) અને એક વિશાળ લાલ–ગ્રે શિલા એ શ્રીમતી ઈન્દિરા ગાંધીના સમાધિ સ્થળ શક્તિ સ્થળની વિશેષતા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત વર્ષ 2021માં સૌથી વધુ રેમિટન્સ મેળવનાર દેશ

વર્લ્ડ બેંકના **'Migration and Development Brief'** અનુસાર ભારત વર્ષ **2021**માં **87 મિલિયન અમેરિકન** ડોલર (અગાઉના વર્ષ કરતા 4.6%નો વધારો) પ્રાપ્ત કરનાર વિશ્વનો સૌથી વધુ 'રેમિટન્સ' (મોકલેલ નાણાંની રકમ) પ્રાપ્ત કર્તા રહ્યું છે.

- ભારત પછી ચીન, મેક્સિકો, ફિલિપાઈન્સ અને ઈજિપ્તનો નંબર આવે છે.
- અમેરિકામાંથી સૌથી વધુ કમાણી ડોલર સ્વરૂપે ભારતમાં મોકલવામાં આવી હતી.
- કુલ રેમિટન્સનો **20 ટકા** હિસ્સો અમેરિકામાંથી ભારતમાં મોકલવામાં આવ્યો હતો.
- વર્લ્ડ બેન્કે જણાવ્યું હતું કે ભારતમાં **2022**માં રેમિટન્સમાં **3 ટકા**નો વધારો થવાની શકયતા છે. જે વધીને **89.6** અબજ ડોલર થશે.
- જે આરબ દેશોમાં સ્થળાંતર થયેલા લોકો પાછા આવવામાં ઘટાડાની સંભાવના પર તેનો આધાર રહેશે.

### રેમિટન્સ

વિદેશમાં કામ કરતા ભારતીયોએ તેમની કમાણી સ્વરૂપે દેશમાં મોકલેલી રકમને 'રેમિટન્સ' **(Remittances)** તરીકે ઓળખવામાં આવે છે.

- જે ડોલર કે અન્ય વિદેશી ચલણ સ્વરૂપે હોય છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધીનો જન્મદિન ક્યારે ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

2. 'ઈન્ટરનેશનલ મેન્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

3. 'વિશ્વ શૌચાલય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 નવેમ્બર (B) 18 નવેમ્બર (C) 19 નવેમ્બર (D) 20 નવેમ્બર (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. શ્રીમતિ ઈન્દિરા ગાંધીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?


(A) શક્તિ ઘાટ (B) વિજય ઘાટ (C) રાજઘાટ (D) સ્મૃતિ સ્થળ (A)

5. વર્લ્ડ બેંકના 'Migration and Development Brief અનુસાર ભારત વર્ષ 2021માં..........મિલિયન અમેરિકન ડોલર પ્રાપ્ત કરનાર વિશ્વનો સૌથી વધુ 'રેમિટન્સ' પ્રાપ્ત કરનાર દેશ રહ્યો છે ?

(A) 87 મિલિયન (B) 91 મિલિયન (C) 96 મિલિયન (D) 98 મિલિયન (A)

## દિવસ મહિમા : 20 નવેમ્બર, (1) વિશ્વ બાળ દિવસ અથવા તો 'વિશ્વ બાળ અધિકાર દિવસ'

નોંધ : ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુનો જન્મદિન 14 નવેમ્બર ભારતમાં 'બાળ દિન' તરીકે ઉજવાય છે. જ્યારે 'વિશ્વ બાળ દિવસ' 20 નવેમ્બરના રોજ ઉજવાય છે.



## સિડની સંવાદ (Sydney Dialogue)



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'સિડની સંવાદ'ના પ્રારંભમાં મુખ્ય ભાષણ આપ્યું હતું.

- આ ભાષણમાં તેમણે ભારતના ટેકનોલોજી વિકાસ અને ક્રાંતિ વિશે વાત કરી હતી.
- ક્રિપ્ટોકરન્સી ખોટા હાથોમાં ન જાય તે માટે સાથે મળીને કામ કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકશાહી દેશોને અપીલ કરી હતી.
- ડિજિટલ ક્રાંતિ પછીના પડકારોનો સામૂહિક રીતે સામનો કરવા તેમણે સમાન વિચારધારા ધરાવતા દેશોને અનુરોધ કર્યો હતો.
- આ ઉપરાંત તેમણે રાજનીતિ, અર્થતંત્ર અને સમાજને પુનઃવ્યાખ્યાયિત કરતી ભારતની ડિજિટલ ક્રાંતિની ઉત્ક્રાંતિ પર પ્રકાશ પાડ્યો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સિડની સંવાદ

સિડની સંવાદ એ ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટની પહેલ છે.

- તે વિશ્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને ડિજિટલ ડોમેનની ચર્ચા કરવા માટે સાયબર અને જટિલ તક્નીકીઓની વાર્ષિક સમિટ છે.

## શ્રી અબ્રાહમ બેન્જામિન ડી વિલિયર્સ

સાઉથ આફ્રિકાના પ્રસિધ્ધ બેટ્સમેન શ્રી એ.બી.ડી. વિલિયર્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- નોંધનીય છે કે આ અગાઉ વર્ષ **2018**માં તેમણે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી હતી.
- પરંતુ તમેની નિવૃત્તિ જાહેર કર્યાના થોડા અઠવાડિયા પછી સ્પષ્ટતા કરી હતી કે તે હજુ થોડા વર્ષો સુધી **T-20** રમવાનું ચાલુ રાખશે.
- વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનો અને કલાસિક ફિલ્ડર્સમાં સ્થાન ધરાવતા શ્રી એ.બી.ડી. વિલિયર્સે કારકિર્દીની શરૂઆતમાં વિકેટ કિપરની પણ ભૂમિકા ભજવી હતી.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 'મી. 360 ડિગ્રી' તરીકે પ્રસિધ્ધ શ્રી ડી વિલિયર્સે પોતાની ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ **17 ડિસેમ્બર, 2004**ના રોજ ઈંગ્લેન્ડ સામે કર્યો હતો. તેમની અંતિમ ટેસ્ટ મેચ **30 માર્ચ 2018**ના રોજ ઓસ્ટ્રેલિયા સામેની હતી.
- તેમની વન ડે કારકિર્દીનો પ્રારંભ પણ **2 ફેબ્રુઆરી, 2003**ના રોજ ઈંગ્લેન્ડ સામે જ થયો હતો.
- જ્યારે તેમની **T-20** કારકિર્દીનો પ્રારંભ **24 ફેબ્રુઆરી, 2006**ના રોજ ઓસ્ટ્રેલિયા સામે થયો હતો.

નોંધ : (1) શ્રી ડી. વિલિયર્સનો જન્મ **17 ફેબ્રુઆરી, 1984**ના રોજ સાઉથ આફ્રિકાના પ્રીટોરિયા ખાતે થયો હતો.

(2) શ્રી એ.બી.ડી વિલિયર્સનું પૂરું નામ શ્રી અબ્રાહમ બેન્જામિન ડી વિલિયર્સ છે. તેને ટૂંકમાં **ABD** તરીકે ઓળખવામાં આવે છે.

(3) તેઓ **IPL** માં રોયલ ચેલેન્જર્સ બેંગાલુરુ ટીમના સભ્ય હતા.




JOIN WHATSAPP GROUP joinicerajkot.com

1. 'વિશ્વ બાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 નવેમ્બર (B) 19 નવેમ્બર (C) 20 નવેમ્બર (D) 21 નવેમ્બર (C)

2. ભારતમાં 'બાળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 નવેમ્બર (B) 14 નવેમ્બર (C) 18 નવેમ્બર (D) 20 નવેમ્બર (B)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'સિડની સંવાદ'ના પ્રારંભમાં મુખ્ય ભાષણ આપ્યું હતું. આ સિડની સંવાદ ..................ની પહેલ છે ?

(A) ઓસ્ટ્રેલિયન સ્ટ્રેટેજિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ (B) કેનેડિયન સ્ટ્રેટેજિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ

(C) અમેરિકન સ્ટ્રેટેજિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ (D) જાપાની સ્ટ્રેટેજિક પોલિસી ઈન્સ્ટિટ્યૂટ (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં શ્રી એબી ડી વિલિયર્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે... તેઓ કયા દેશના પ્રસિદ્ધ ખેલાડી છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) વેસ્ટઈન્ડિઝ (D) સાઉથ આફ્રિકા (D)

5. વિશ્વ ક્રિકેટમાં કોણ 'મી. 360 ડિગ્રી' તરીકે પ્રસિદ્ધ છે ?

(A) શ્રી એ બી ડી વિલિયર્સ (B) શ્રી રાહુલ દ્રવિડ

(C) શ્રી રિકી પોન્ટિંગ (D) શ્રી બ્રાયન લારા (A)

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડા જિલ્લાના મહેમદાવાદથી આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ત્રિ–દિવસીય આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો ઐતિહાસિક ખેડા જિલ્લાના મહેમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ગામડાંઓના સર્વાંગી વિકાસ થકી ગુજરાતને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આત્મનિર્ભર ગુજરાત હોવું જરૂરી છે. રાજ્ય સરકારની પ્રજાકલ્યાણની યોજનાઓ છેવાડાના માનવી અને ગામડાંઓ સુધી આત્મનિર્ભર ગ્રામ વિકાસ યાત્રાના માધ્યમથી પહોંચાડવાનો આ પ્રયાસ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આત્મનિર્ભર ગ્રામ યાત્રા રથનું લીલી ઝંડી આપી પ્રસ્થાપન કરાવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ટ્રેનોને 'સાત્વિક પ્રમાણપત્ર' આપવામાં આવશે**

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) એ સાત્વિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહયોગથી 'શાકાહારી ટ્રેનો'ને પ્રોત્સાહન આપવાની યોજના બનાવી છે. આ ટ્રેનોને ખાસ ધાર્મિક સ્થળો સાથે જોડવામાં આવશે. 'સાત્વિક પ્રમાણપત્ર' સાત્વિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' દ્વારા એનાયત કરવામાં આવશે. હાલમાં IRCTC નવી દિલ્હીથી કટારા સુધી 'વંદે ભારત ટ્રેન' ચલાવે છે. આ ટ્રેનને 'સાત્વિક પ્રમાણપત્ર' આપવામાં આવશે. વંદે ભારત ઉપરાંત સાત્વિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયા 18 અન્ય ટ્રેનોને પ્રમાણિત કરશે. સાત્વિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એ વિશ્વની પ્રથમ શાકાહારી ખાદ્ય સુરક્ષા અને શાકાહારીઓ અને સંલગ્ન અનુયાયીઓ માટે નિયમનકારી અનુપાલન છે.

➤ **'Citizens Tele Law' એપ લોન્ચ કરવામાં આવી**

કેન્દ્રીય કાયદા અને ન્યાયમંત્રી શ્રી કિરેન રિજ્જુ તથા કાયદા અને ન્યાય રાજ્યમંત્રી શ્રી એસ. પી. બઘલે 13 નવેમ્બર, 2021ના રોજ 'સિટીઝન્સ ટેલિ લૉ' એપ્લિકેશન લોન્ચ કરી છે. આ પ્રસંગે તેમણે ન્યાય અને ટેલિકોમ વિભાગના ફ્રન્ટલાઈન અધિકારીઓનું પણ સન્માન કર્યુ હતું. સિટીઝન્સ ટેલી–લૉ મોબાઈલ એપને વિસ્તૃત કાનૂની માહિતીની પહોંચ વધારવાના ઉદ્દેશ્ય સાથે લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશન લોકોને તેમની સમસ્યા ઓળખવા અને તેમના અધિકારોનો દાવો કરવા માટે યોગ્ય નિવારણ ફોરમ પસંદ કરવા માટે સશક્તિકરણ કરવાનો પ્રયાસ કરે છે. તે નાગરિકોને તેમના અધિકારો ઓળખવામાં મદદ કરશે.

➤ **તમિલનાડુના તંજાવુરમાં ખાદ્ય સુરક્ષા સંગ્રાહાલયનું ઉદ્‌ઘાટન**

ભારતના પ્રથમ ખાદ્ય સુરક્ષા મ્યુઝિયમનું ઉદ્દઘાટન 15 નવેમ્બર 2021ના રોજ કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણમંત્રી શ્રી પીયૂષ ગોયલ દ્વારા કરવામાં આવ્યું હતું. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તંજાવુરમાં ફૂડ સેફટી મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી હતી. આ મ્યુઝિયમ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) અને વિશ્વેશ્વરાય ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેક્નોલોજીકલ મ્યુઝિયમ, બેંગાલુરુ દ્વારા સહ–વિકાસ કરવામાં આવ્યું છે. તે 1.10 કરોડના ખર્ચે 1,860 ચોરસ ફૂટ વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે. આ સંગ્રાહાલય વિચરતી શિકારી–સગ્રહી જૂથોથી સંસ્કૃતિની શરૂઆત તરફ દોરી જતી કૃષિ પ્રક્રિયાઓ સુધી માણસની ઉત્ક્રાંતિ દર્શાવે છે. તે વિવિધ પ્રાચીન અનાજ સંગ્રહ પદ્ધતિઓ, સંગ્રહના પડકારો અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખાદ્ય ઉત્પાદન પણ દર્શાવે છે.

➤ **દુઆરે રાશન યોજના : પશ્ચિમ બંગાળ**

તાજેતરમાં પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યની સમગ્ર વસતી માટે ‘પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ’ (PDS) હેઠળ અનાજ પૂરું પાડવા માટે ‘દુઆરે રાશન યોજના’ (દરવાજા પર રાશન) યોજના શરૂ કરી છે. લોકોને રેશનકાર્ડ માટે અરજી કરવામાં મદદ કરવા માટે એક મોબાઈલ એપ્લિકેશન ‘ખાદ્ય સાથી : અમર રાશન મોબાઈલ એપ’ પણ લોન્ચ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ડીલરો લાભાર્થીઓના ઘરે રાશન પહોંચાડશે. રાજ્યમાં લગભગ 21,000 રાશન ડીલરો છે અને સરકારના દરેક ડીલરને ડિલિવરી વાહન ખરીદવા માટે 1 લાખ રૂપિયાની સબસિડી આપશે. દરેક વાહનને પડોશમાં અનુકૂળ જગ્યાએ પાર્ક કરવામાં આવશે જેથી રહેવાસીઓને રાશન મેળવવા માટે 500 મીટરથી વધુ ચાલવાની જરૂર ન પડે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે ‘Tech NEEV@75’નું ઉદ્‌ઘાટન કર્યુ**

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 15 નવેમ્બર, 2021ના રોજ 'Tech NEEV@75'નું ઉદ્દઘાટન કર્યુ. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે આદિવાસી સમુદાયોના સ્ટાર્ટ–અપ્સ સહિતના સફળ સ્ટાર્ટ–અપ્સ સાથે વાતચીત કરી હતી. અને તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર 2022ના અંત સુધીમાં અનુસૂચિત જનજાતિ માટે દેશભરમાં 30 સાયન્સ ટેક્નોલોજી અને ઈનોવેશન હબની સ્થાપના કરશે. આ વિજ્ઞાન ટેક્નોલોજી અને ઈનોવેશન હબ આદિવાસી સમુદાયોમાં વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહિત કરવામાં તેમજ એકંદર સામાજિક–આર્થિક વિકાસમાં મદદ કરશે. Tech NEEV@75 એ એક વર્ષ ચાલનાર ઉજવણી છે. જે વધુ સમાવેશી આર્થિક વૃદ્ધિ સર્જવા માટે સમુદાયને સશક્ત કરવામાં સાયન્સ ટેક્નોલોજી ઈનોવેશન (STI)ની અસરને પ્રકાશિત કરે છે. તે વિજ્ઞાન અને ટેક્નોલોજી અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ એક પહેલ છે.

➤ **ભારતે એન્ટાર્કટિકામાં 41મું વૈજ્ઞાનિક અભિયાન શરૂ કર્યું**

ભારતે તાજેતરમાં એન્ટાર્કટિકામાં 41મું વૈજ્ઞાનિક અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનની પ્રથમ બેચમાં 23 વૈજ્ઞાનિકો અને સહાયક સ્ટાફનો સમાવેશ થાય છે તેઓ તાજેતરમાં ભારતીય એન્ટાર્કટિક સ્ટેશન મૈત્રી પહોંચ્યા હતા. DROMLAN સુવિધાનો ઉપયોગ કરીને વધુ ચાર બેચ હવાઈ માર્ગે એન્ટાર્કટિકામાં ઉતરશે. આ 41માં અભિયાનમાં બે મુખ્ય ઘટનાઓનો સમાવેશ થાય છે : (1) પહેલો કાર્યક્રમ ભારતી સ્ટેશન પર 'જિયોલોજિકલ એક્સપ્લોરેશન ઓફ ધ અમેરી આઈસ શેલ્ફ' છે. આ કાર્યક્રમમાં ભૂતકાળમાં ભારત અને એન્ટાર્કટિકા વચ્ચેની કડી શોધવામાં મદદ મળશે (2) બીજો કાર્યક્રમ મૈત્રી નજીક 500 મીટરના બરફના કોરને ડ્રિલ કરવા માટે 'રિકોનિસન્સ સર્વેક્ષણ અને પ્રારંભિક કાર્ય' છે. આ કાર્યક્રમ એન્ટાર્કટિક આબોહવા, દરિયાઈ બરફ, એક જ આબોહવામાંથી ગ્રીન હાઉસ વાયુઓ અને પશ્ચિમી પવનોની સમજને સુધારવામાં મદદ કરશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કર્ણાટક રત્ન**

કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમાઈ એ તાજેતરમાં અવસાન પામેલા કન્નડ સ્ટાર શ્રી પુનીત રાજકુમારને મરણોપરાંત 'કર્ણાટક રત્ન' પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે. તેઓ કર્ણાટક રત્ન પુરસ્કાર મેળવનાર 10માં વ્યક્તિ છે. કર્ણાટક રત્ન છેલ્લે વર્ષ 2009માં સામાજિક સેવા માટે ડો. વીરેન્દ્ર હેગડેને એનાયત કરવામાં આવ્યો હતો.

## વિશ્વ

➤ **રશિયાએ ભારતને S-400 મિસાઈલ સિસ્ટમની ડિલિવરી શરૂ કરી**

ભારતની એર–ડિફેન્સ ક્ષમતાઓને વેગ આપવા માટે રશિયાએ ભારતને S-400 મિસાઈલ સિસ્ટમની ડિલિવરી શરૂ કરી છે. ભારતે વર્ષ 2018માં S-400 સિસ્ટમના પાંચ યુનિટ ખરીદ્યા હતા જેના માટે વર્ષ 2019માં 800 મિલિયન ડોલરનો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવ્યો હતો. S-400 એ વિશ્વની સૌથી અદ્યતન એર–ડિફેન્સ સિસ્ટમ માનવામાં આવે છે. તે મિસાઈલ, રોકેટ, ક્રૂઝ મિસાઈલ અને વિમાનો સામે તેના હવાઈ સંરક્ષણના બબલનો બચાવ કરવામાં સક્ષમ છે.

➤ **રશિયા દ્વારા ડાયરેક્ટ એસેન્ટ એન્ટિ-સેટેલાઈટ મિસાઈલ પરીક્ષણ**

15 નવેમ્બર, 2021ના રોજ રશિયા દ્વારા ડાયરેક્ટ એન્ટિ–સેટેલાઈટ (DA-ASAT) મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. DA-ASAT મિસાઈલે કોસ્મસ 1408 નામના રશિયન ઉપગ્રહને તોડી પાડયો હતો. પરિણામે કાટમાળ પૃથ્વીની નીચી ભ્રમણ કક્ષામાં ફેલાઈ ગયો હતો. આ પરીક્ષણથી અત્યાર સુધીમાં લગભગ 1500 જેટલા કાટમાળના ટુકડાઓ ઉત્પન્ન થયા છે. ASAT એ અવકાશ શસ્ત્રો છે, જે વ્યૂહાત્મક હેતુઓ માટે ઉપગ્રહોને નિષ્ક્રિય કરવા અથવા નાશ કરવા માટે રચાયેલ છે.

➤ **મંત્રી પરિષદની 21મી IORA વાર્ષિક બેઠક**

21મી ઈન્ડિયન ઓસન રીમ એસોસિએશન (IORA) મંત્રીઓની વાર્ષિક પરિષદ(Com)ની બેઠક 17 નવેમ્બર, 2021ના રોજ ઢાકામાં યોજાય હતી. ભારતે આ કોન્ફરન્સમાં વર્ચ્યુઅલ મોડમાં ભાગ લીધો હતો. ભારતનું નેતૃત્વ વિદેશ રાજ્ય મંત્રી ડો. રાજકુમાર રંજન સિંહે કર્યુ હતું. IORA Com ઢાકામાં હાઈબ્રિડ ફોર્મેટમાં યોજાય હતી. આ બેઠકના અંતે 'Dhaka Communique' અપનાવવામાં આવ્યું હતું. IORA એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જેમાં હિંદ મહાસાગરની આસપાસના 23 રાજ્યોનો સમાવેશ થાય છે. તે એક પ્રાદેશિક મંચ છે જે સરકાર, શિક્ષણવિદો અને વેપારના પ્રતિનિધિઓને એકસાથે લાવવાનું કામ કરે છે. જેથી તેમની વચ્ચે સહકાર અને નજીકના સંપર્કોને પ્રોત્સાહન મળે. IORAનું સંકલન સચિવાલય એબેને, મોરિશિયસ ખાતે સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

➤ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખેડા જિલ્લાના......થી આત્મનિર્ભર ગ્રામયાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. – મહેમદાવાદ

➤ તાજેતરમાં IRCTCએ સાત્વિક કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહયોગથી ટ્રેનોને ‘સાત્વિક પ્રમાણપત્ર’ આપવાની યોજના બનાવી છે. આ અંતર્ગત હાલમાં કઈ ટ્રેનને પ્રથમ ‘સાત્વિક પ્રમાણપત્ર’ આપવામાં આવશે ? – વંદે ભારત ટ્રેન (દિલ્હીથી કટારા સુધીની)

➤ તાજેતરમાં 'Citizens Tele Law' એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. આ એપ્લિકેશનનો મુખ્ય ઉદ્દેશ શું છે ? – વિસ્તૃત કાનૂની માહિતીની પહોંચ વધારવાનો

➤ તાજેતરમાં તમિલનાડુના કયા સ્થળે ખાદ્ય સુરક્ષા સગ્રાહાલયનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ? – તંજાવુર

➤ દુઆરે રાશન યોજના કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – પશ્ચિમ બંગાળ

➤ તાજેતરમાં કયા મંત્રાલયે 'Tech NEEV@75'નું ઉદ્દઘાટન કર્યુ છે ? – વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

- તાજેતરમાં કયા દેશે ભારતને S-400 મિસાઈલ સિસ્ટમની ડિલિવરી શરૂ કરી છે ? – રશિયા
- ભારતે તાજેતરમાં એન્ટાર્કટિકામાં કેટલું વૈજ્ઞાનિક અભિયાન શરૂ કર્યુ છે ? – 41મું
- 15 નવેમ્બર, 2021ના રોજ કયા દેશે 'ડાયરેક્ટ એસેન્ટ એન્ટિ–સેટેલાઈટ મિસાઈલ' પરીક્ષણ કર્યુ છે ? – રશિયા
- કર્ણાટક રાજ્યના મુખ્યમંત્રીની જાહેરાત અનુસાર કોને તાજેતરમાં 'કર્ણાટક રત્ન'થી સન્માનિત કરવામાં આવશે ? – શ્રી પુનિત મહારાજ
- 21મી IORA વાર્ષિક બેઠક કયા સ્થળે યોજાય હતી ? – ઢાકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# Question Of this Week

1. કયું કેન્દ્રીય મંત્રાલય 'પોષણ સ્માર્ટ વિલેજ' પહેલ શરૂ કરવા જઈ રહ્યું છે ? – કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય

2. તાજેતરમાં કયા દેશે ભારત સાથે સંસદીય મિત્રતા સંઘની રચના કરી છે ? – શ્રીલંકા

(શ્રીલંકાએ ભારત સાથે દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવા માટે શ્રીલંકાની સંસદના વરિષ્ઠ સભ્યો સાથે ભારત–શ્રીલંકા સંસદીય મિત્રતા સંઘની રચના કરી છે. શ્રીલંકાએ અગાઉ ચાઈનીઝ ખાતરના કન્સાઈનમેન્ટને નકાર્યા બાદ ભારત પાસેથી ખાતર ખરીદવાનો નિર્ણય કર્યો હતો.)

3. પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં ઉપગ્રહો સાથે જોડવા માટે કઈ કંપનીએ નવી નાની ડિશ લોન્ચ કરી છે ?– સ્પેસએક્સ

(SpaceXના CEO શ્રી એલન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકે પૃથ્વીની નીચી ભ્રમણકક્ષામાં ઉપગ્રહ નક્ષત્ર સાથે જોડવા માટે એક નવી ડિશ શરૂ કરી છે. તે ગોળાકાર ડિશ કરતા પાતળી અને હળવા વજનનો વિકલ્પ છે.)

4. 'સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન'ને મજબૂત બનાવવા વિષય પર બે દિવસીય પ્રાદેશિક પરિષદનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – લખનૌ

5. "ઐતિહાસિક ઠરાવ" (Historical Resolution), જે તાજેતરમાં સમાચારોમાં છે, તે કયા દેશ સાથે સંબંધિત છે ? – ચીન

6. 'દુષ્કાળના અનુકૂલન માટે પ્રાદેશિક કાર્ય યોજના (Regional Plan of Action for Adaptation to Drought) કઈ સંસ્થા સાથે સંબંધિત છે ? – આસિયાન

7. કયા રેસિંગ ડ્રાઈવરે સાઓ પાલો (બ્રાઝિલ) ગ્રાન્ડ પ્રિક્સ ટુર્નામેન્ટ જીતી છે ? – લુઈસ હેમિલ્ટન

8. અમેરિકાના એક અભ્યાસ મુજબ કયું હરણ SARS- Cov-2 થી સંક્રમિત થઈ રહ્યું છે ? – સફેદ પૂછડીવાળુ હરણ

9. તાજેતરમાં કયા ભારતીય રાજ્યમાં 'ભગવાન બિરસા મુંડા મેમોરિયલ ગાર્ડન એન્ડ ફ્રીડમ ફાઈટર્સ મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – ઝારખંડ

10. ICCએ તાજેતરમાં પોતાની બેસ્ટ ટી– 20 પ્લેઈંગ ઈલેવન જાહેર કરી હતી. તેમાં ભારતના કેટલા ખેલાડીઓનો સમાવેશ થયો છે ? – એકપણ નહીં

(તાજેતરમાં ICCએ પોતાની બેસ્ટ પ્લેઈંગ ઈલેવન જાહેર કરી હતી. આ બેસ્ટ ઈલેવનમાં ભારતના એકપણ ક્રિકેટરને સ્થાન મળ્યું નથી. આ ઈલેવનમાં પાકિસ્તાનના ખેલાડી બાબર આઝમને ટીમનો સુકાની બનાવ્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા જિલ્લાને તાજેતરમાં 'સો ટકા ટેપ વોટર કનેક્ટેડ' જાહેર કર્યો છે ?– વડોદરા

(મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડોદરા જિલ્લાના સાવલી ખાતે પાણી પુરવઠા વિભાગ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા જિલ્લાને સો ટકા ટેપ વોટર કનેક્ટેડ જાહેર કર્યો છે. રાજ્યમાં ગાંધીનગર, આણંદ, બોટાદ અને પોરબંદર પછી હવે સો ટકા નલ સે જલ મેળવવામાં છઠ્ઠો જિલ્લો વડોદરા બન્યો છે.)

12. ગુરૂનાનક દેવજીની કેટલામી જન્મજયંતિ 19 નવેમ્બર, 2021ના રોજ ઉજવવામાં આવી હતી ? – 552મી

13. રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહે તાજેતરમાં 1962ના ભારત ચીન યુધ્ધ દરમિયાન 'રેઝાંગ લા'ના યુધ્ધની વર્ષગાંઠ પર ________ખાતે પુનઃનિર્મિત 'વોર મેમોરિયલ'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. – રેઝાંગ લા

14. તાજેતરમાં ઉત્તરપ્રદેશના પ્રથમ વાયુ પ્રદુષણ નિયંત્રણ ટાવરનું ________માં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. – નોઈડા

15. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું ચેકમેટ નવું સ્ટીલ્થ એરક્રાફ્ટ કયો દેશ વિકસાવી રહ્યું છે ? – રશિયા

16. તાજેતરમાં આવસાન પામેલા શ્રી મન્નુ ભંડારી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – સાહિત્ય

17. ઈ–શ્રમ પોર્ટલના ડેટા મુજબ કયા વ્યવસાય ક્ષેત્રે અનૌપચારિક કામદરો તરફથી સૌથી વધુ નોંધણી નોંધાઈ છે ? – કૃષિ

18. તાજેતરમાં સમાચારોમાં રહેલ 'યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ' (USOF) કયા ક્ષેત્ર સાથે સંકાળયેલ છે ? – ટેલિકોમ્યુનિકેશન

19. ફૂટવેર અને ચામડાના વસ્ત્રોના ઉત્પાદનમાં વિશ્વમાં ભારતનું સ્થાન કેટલામું છે ? – બીજુ

(ફૂટવેર અને ચામડાના વસ્ત્રોના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. 2020-21 (એપ્રિલ થી ફેબ્રુઆરી) દરમિયાન ચામડાની ઉત્પાદનોની નિકાસ 3.67 બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે.)

20. ભારતીય રેલવેએ ભારતીય રેલવેના મુસાફરો તેમજ સામાન્ય લોકો માટે ________સ્ટેશન પર પ્રથમ પોડ રિટાયરિંગ રૂમ ખોલ્યો છે. – મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન

21. યુનેસ્કો દ્વારા ક્યારે 'વર્લ્ડ હેરિટેજ વીક'ની ઉજવણી કરવામાં આવે છે ? – 19 નવેમ્બર થી 25 નવેમ્બર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT